

# IIT-Gn ફેસબુક અને વેબ પેજની મદદથી વધારશે ગર્લ્સ એડમિશન

## હેલ્પ ડેસ્ક એડમિશનમાં મુંઝવતા પ્રશ્નો સોલ્વ કરશે

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર હવે ફેસબુક અને વેબ પેજ દ્વારા ગર્લ્સના એડમિશન વધારશે. એડમિશન સમયે ગર્લ્સને મુંઝવતા પ્રશ્નોના જવાબ મળી રહે તે માટે સ્પેશિયલ હેલ્પ ડેસ્કની વ્યવસ્થા કરવામાં આવી છે. આ હેલ્પ ડેસ્કમાં કેટલા ટકા સીટો છે અને કેવી રીતે એડમિશન લઈ શકાય તે વિશેની તમામ માહિતી આઈઆઈટી પ્રોફેસર્સ, સ્ટાફ અને સ્ટુડન્ટ્સ ટીમ દ્વારા આપવામાં આવશે. આ અંગે આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર ઉત્તમા લહેરીએ કહ્યું કે, 'આઈઆઈટી ગાંધીનગર વિદ્યાર્થિનીઓ માટે ખૂબ સારુ એજ્યુકેશન અને એન્વાયરમેન્ટ પ્રોવાઈડ કરે છે. અહિયાં એજ્યુકેશન સાથે ગર્લ્સની સેફ્ટી અને ફ્રિડમને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. જે અંગે ગર્લ્સ થતાં સવાલોના જવાબો હેલ્પ ડેસ્ક પાસેથી મેળવી શકશે.'

### હેલ્પ ડેસ્ક કેવી રીતે ગર્લ્સને મદદ કરશે

આઈઆઈટીમાં એડમિશન લેવા ઈચ્છતી વિદ્યાર્થિનીઓને હેલ્પ ડેસ્ક મદદ કરશે. જેમાં વેબપેજમાં ગર્લ્સ પોતાના એડમિશન લગતા પ્રશ્નો રજૂ કરશે. વેબપેજની સાથે ફેસબુક પેજ પર ગર્લ્સ એડમિશન અને અન્ય કોઈ પ્રશ્નોની રજૂઆત કરી શકશે. જેમાં ગર્લ્સને ડાયરેક્ટ ફેકલ્ટીના ઈમેલ આઈડી દ્વારા તેમની સાથે લાઈવ ચેટ પણ કરી શકશે.

### ફિમેલ પ્રોફેસર્સ સાથે ગર્લ્સ કરી શકશે વાત

આઈઆઈટઈ દ્વારા ગર્લ્સને મુંઝવતા પ્રશ્નોના જવાબો માટે ફિમેલ પ્રોફેસર્સના ઈમેઈલ આઈડી પણ વેબપેજ અને ફેસબુક પેજ દ્વારા આપવામાં આવશે જેની મદદથી તેઓ ઘણી એવી બાબતો જે ફિમેલ પ્રોફેસર સાથે જ શેર કરી શકાય તે વાતો શેર કરી શકશે. જેમાં આઈઆઈટી ગાંધીનગરના ફિમેલ પ્રોફેસરો પણ જોડાશે.

**Title:** IITGN attempts to increase girls' admission with the help of webpage and Facebook page
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Link:** http://epaper.divyabhaskar.co.in/ahmedabad/ahmedabad-citybhaskar/44/22062018/0/1/
**Date:** 22/06/2018